**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 22**

આશાજી નારી કુંઆરી તમ ઘર બેઠી, તમે છો વરરાજાજી;
મહેર કરી જબ લઇ કરી ચાલો, તબ સો સોહાગી કહેવાય.
હરી૦ (૨૬૩)

આશાજી ચોરી બાંધીને જુગ મીલાવો, એહીજ તેરા કામજી;
ફેરા ફરાવી જબ ઘરમાંહે લેશો, તબ સહુ કહેવે નાર. હરી. (૨૬૪)

આશાજી ઘરમાંહે લઇને સોહાગી કહેવાયે, તબ સો સરવે બોલાવેજી;
દોઆગણ જો મે કબઈ કહો, તો દોએ તડ મુજથી જાએ.
હરી૦ (૨૬૫)

આશાજી હમે તમારી નારી તમે હો નાથ; હમ તેરા ગુલામજી;
મહેર કરી તમે જીવડા તારો, હીણાં ખીણાં એકાર. હરી૦ (૨૬૬)

આશાજી અમને વલગા તે તમ ઘેર આવ્યા, સુણો તેની ફરિયાદજી;
પાપી જુગમાંહે કેમ કમાવે, અને માનખા અવતાર ભોગવે.
હરી૦ (૨૬૭)

આશાજી નવનાડ તે એકજ નાંહી, અને થર નહી તેનો જીવજી;
મહેર કરી તમે ફઝલ કરજો, તો છુટે સરવે જીવ. હરી૦ (૨૬૮)

આશાજી એક ખણમાંહે કહીં જીવ તારો, અને કહીં જીવ ડુલાવોજી;
તેરે અંતકો અંત તુંહીજ જાણે, સુણો અમારી વાત. હરી. (૨૬૯)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 22 (Continued)**

આશાજી વાત અમારી ચીતમાંહે રાખો, કરો તમારી મહેરજી;
હમ તમ દર એકજ જાણો, કરો સોહી વાત. હરી० (૨૭૦)

આશાજી ગુર પરસાદે નરને શ્રેવો, નર પરસાદે નર આવેજી;
ગુરને તપે નરજી બેઠા, કરમ કરો મોરા સામી. હરી० (૨૭૧)

આશાજી કાએમ કુદરતી સેન રચાવે, કુદરતી સેન ચલાવેજી;
એના કેરો અંત એહીજ જાણે, આપે કરે ઇલાહી. હરી० (૨૭૨)

આશાજી દસ આસમાન તો આપે કીધા, દસે આપે સમાર્યાજી;
દસ આસમાન માંહે રમીજ રહ્યા, તે કીધા ખેલ સંપુર્ણ. હરી. (૨૭૩)

આશાજી પાતાલ તણી સુધ જે જાણે, સોહી ધણી યાં આયાજી;
પૃથ્વીના જેણે બંધજ બાંધ્યા, સો નર આપે બેઠા. હરી० (૨૭૪)

આશાજી શ્રી એસ્લામશાહ તખતેજ બેઠા, કરે દીનકા કામજી;
ઇસ નર કારણુ મેં સબ જુગ ઢુંઢ્યા, પાયા એણે ઠામ. હરી (૨૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)